સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

લોકશાહીનાં ખંચાય વસ્ત્રો, બૌદ્ધિકો ડૂબી મરો,
સ્વાતંત્ર્ય વેંચાય, બજારમાં - બૌદ્ધિકો ડૂબી મરો,
અનીતિના ખદખદ તેલે ઉકળે ન કેમ લોહી ?
ને ખીલે બંધાય બંધારણ બૌદ્ધિકો ડૂબી મરો!

હાઈકુ

સિવાઈ ગ્યા છે ?
નિકળે ન હરફ !!
હૈયે બરફ!?

વિધાને મંચે,
ભજવાય ભવાઈ -
નાચે સદસ્યો !

ચિંતન

यदिदं सकलं विश्वं नानारुपं प्रतीतमज्ञानात् ।
तत्सर्वं ब्रह्मैव प्रत्यस्ताशेषभआवना दोषम् ॥

ઉપરોક્ત શ્લોક 'બ્રહ્મસૂત્ર' માંથી લેવામાં આવેલ છે.

જે અજ્ઞાનથી અનેક આકાર પ્રતીત થાય છે તે સઘળું વિશ્વ, સમસ્ત ભાવનાઓના દોષનો જ્યાં અંત આવે છે તે બ્રહ્મ જ છે.

આપણે આકાશના વાદળો ને એકી ટસે જ્યારે જોયા કરીએ ત્યારે આપણા વિચાર સ્વભાવ અને જ્ઞાનના પ્રતિઘોષ સ્વરુપે તેમાં આકારો દેખાય છે વાસ્તવમાં તો એક એક કલ્પના કે ભ્રમ જ છે.

જ્યારે 'વાદળ' ના વૈજ્ઞાનિક સ્વરુપનું આપણને જ્ઞાન થાય ત્યારે આપણો એ કાલ્પનિક ભ્રમ ભાંગી જાય અને સત્ય સમજાય છે.

ઈશ્વરીય સત્ય - જ્ઞાનની સમજ થતાં જ 'બ્રહ્મ' શું છે તે સમજાય છે.

સુવિચાર

- 'જીભ' એ તો સિંહ છે, એ તો જંજીરમાં બંધાયેલી જ સારી... - **ઝેન કથન**
- માણસના મનમાં જ યુદ્ધોના પ્રારંભ થાય છે,
  આથી શાંતિના ઉપાયો પણ માણસના મનમાંથી જ ઉદ્‌ભવવા જોઈએ - **ચંદ્રકાન્ત મહેતા**
- જેટલો સર્જન અને સર્જનહાર વચ્ચે ફેર છે એટલો ક્યાં સ્વર્ગને સંસાર વચ્ચે ભેર છે - **કિસ્મત કુરેશી**
- જે સૈન્ય અધિકારીઓએ યુદ્ધમાં મરી રહેલા સૈનિકોની આંખો સાથે આંખ મિલાવી છે
  તેઓ યુદ્ધ કરતાં પહેલાં હવે એક સો વાર વિચારશે - **બિસ્માર્ક**
- સૌથી અઘરી છે... મનની સરહદને પાર કરવી - **એસ. ભટ્ટાચાર્ય**
- પ્રેમમાં નિષ્ફળતા ત્યારે જ મળી કહેવાય જયારે તમે ચાહવાનું બંધ કરો - **ભૂપત વડોદરિયા**
- આજનું ઔષધ : હરસમાં લોહી લોહી પડતું હોય તો બે અંજીર રાત્રે પાણીમાં પલાળી સવારે ખૂબ ચાવીને ખાવાથી રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિ.ના સંશોધકોએ બે પ્રયોગ કર્યા. બંને પ્રયોગના સહભાગીઓને અમુક ચહેરા બતાવવામાં આવ્યા અને એમના પ્રતિભાવ નોંધવામાં આવ્યા. પહેલા પ્રયોગના સહભાગીઓને સૂચના આપવામાં આવી કે જે ચેહરા દેખાડવામાં આવ્યા છે એમનો ખરાબ સમય ચાલી રહ્યો છે આથી એ ચહેરાઓ પર ગુસ્સાની લાગણી દેખાય છે. જો કે ભાગ લેનારાઓને કહેવામાં આવ્યું કે ચહેરા પર દેખાતો ગુસ્સો એમની માટે નહીં, બીજા માટે છે. આ પ્રયોગમાં ભાગ લેનારાઓ એ આ વાત બરાબર ગળે ઉતરી ગઈ પછી એમને કોઈ બીજા પર ગુસ્સે થાવ ત્યારે પ્રતિસાદ આપવનું બંધ કરી દીધું. બીજા પ્રયોગમાં ભાગ લેનારાઓને આવી કોઈ સૂચના આપવામાં આવી નહીં. એટલે એમણે સામેવાળાનો ગુસ્સો પોતાના માટે છે એવું માન્યું. પરિણામે સ્વાભાવિકપણે એમનાં પ્રતિસાદ ઉગ્ર રહ્યા. આ પ્રયોગ પરથી તારણ એ નીકળ્યું કે બીજાના ગુસ્સાથી પ્રભાવિત થવું કે નહીં એ સંપૂર્ણપણે વ્યક્તિના પોતાના હાથની વાત છે. સવાલ દૃષ્ટિકોણનો છે. ગુસ્સાવાળા લોકો પ્રત્યે આપણે દૃષ્ટિકોણ બદલી નાખીએ તો આપણે ઘણી બાબત સુધારી શકીએ છીએ. પતિ, પત્ની કે શેઠ ગુસ્સે થાય ત્યારે એ પરિસ્થિતિમાં આપણે ફક્ત એટલું જ વિચારવાનું છે કે એ આજે ખરાબ સમયમાંથી પસાર થઈ રહ્યા હશે. એટલે એમની સામે ગુસ્સે થવાને બદલે એમને આપણે પ્રેમ અને સહકાર આપવાની જરૂર છે.

કાબિલેદાદ શિસ્ત અને સંયમ

તંત્રીસ્થાનેથી...

ફૂદકે ને ભૂસકે દેશને ભરડો લઈ રહેલ રાક્ષસી વાઈરસ સામે ભારત એક અવાજે સાબદું થઈ ઝઝૂમી રહ્યું છે. ચીનમાંથી પ્રગટ થયેલ આ પ્રલયકારી જીવ સૌથી બુદ્ધિમાન અને જાગ્રત ગણાતા યુરોપમાં વાયુવેગે ફેલાઈ ગયો અને ચીન કરતાં પણ ઈટાલી જેવો નાનકડો દેશ મૃત્યુ આંકમાં આગળ નીકળી ગયો. દુનિયા આખીની અર્થવ્યવસ્થા ખોરવાઈ રહી છે ત્યારે વિશ્વની સૌથી મોટી લોકશાહી માટે આ મહામારી ખતરનાક સાબિત થઈ શકે એમ છે. ત્રીજા તબક્કામાં પ્રવેશી રહેલ કોરોના પ્રલય સામે ઝીંક ઝીલવાનો એક જ માર્ગ બચ્યો છે : જાત પર નિયંત્રણ. સવિશેષ આપણા દેશમાં આ રોગ વિદેશવાસી ભારતીયો, વિદેશયાત્રા કરી આવેલા ભારતીયો અથવા એનઆરઆઈ કે પછી પ્રવાસી તરીકે આવેલા પરદેશીઓ લઈ આવ્યા છે. પ્રજા જાગ્રત થઈ ગઈ છે એટલે આવા પાડોશીઓ વિશે સભાન બની એમને ક્વોરન્ટાઈન કરાવે છે અને પોલીસને જાણ કરી હોસ્પિટલ ભેગા કરે છે. કનિકા જેવી સેલીબ્રિટી કે આંતરરાષ્ટ્રીય રમતવીરાંગના આ રોગની ગંભીરતા સમજ્યા વિના આડેધડ હરફર કરે અને અનેક લોકોના સંસર્ગમાં આવી ભયજનક પરિસ્થિતિ પેદા કરે છે એની સામે સામાન્ય નાગરિક પોતાની અને સૌની સલામતીનો ખ્યાલ રાખી વડાપ્રધાનની જનતા કર્ફ્યૂની અપીલને નખશિખ માથે ચડાવી ઘરમાં પુરાઈ રહેવાનું પસંદ કરે તે ઘણી મોટી આશ્વાસક ઘટના છે. વડાપ્રધાને દેશની જનતા પર અપાર ભરોસો મૂકી એક દિવસ પૂરતો જનતા કર્ફ્યૂ પાળવાની અપીલ કરી છે તેનો ખૂબ જ સાનુકૂળ પ્રતિસાદ દેશની પ્રજાએ પાઠવ્યો છે. આથી કોરોનાની ઝડપી પ્રસારણ ગતિને બ્રેક લાગશે, તે નક્કી છે. વળી આવા દેશવ્યાપી સ્વૈચ્છિક લોકડાઉન જેવી સ્થિતિને કારણે ભવિષ્યમાં કોરોનાના કેર પર કાબૂ મેળવવા જરૂર પડે તો પ્રજા તૈયાર રહેશે, એવો સંદેશ પણ મળે છે. જીવ માત્રને જીવ જ સૌથી વધુ વહાલો હોય છે - એ પછી કોરોના જેવું અલ્પજીવી વાઈરસ હોય કે સો વરસનું આયુષ્ય ભોગવવાની ક્ષમતા ધરાવતો માનવી. માનવજાતના ઈતિહાસમાં અનેક કુદરતી આફતો આવી છે, એકથી એક ચડિયાતા રોગચાળાનો સામનો પણ દુનિયા કરી ચૂકી છે. ક્યારેક મેલેરિયા તો ક્યારેક પ્લેગ, તો ક્યારેક વિધવિધ જાતના વાઈરસ ડિસીઝ કે ટીબી જેવા ચેપી રોગો સામે ઝીંક ઝીલીને માનવીએ એનું અસ્તિત્વ ટકાવી રાખ્યું છે. માણસ પાસે એક ફળદ્રુપ મગજ છે જે ગમે તેવા પજકાર સામે એને ચેતવી શકે છે, એના ઉપાયો અને ઈલાજો શોધી કાઢે છે અને એથી વિશ્વમાં સૌથી શક્તિશાળી પ્રાણીઓ - ડાઈનાસોરથી લઈ હિંસક ચિત્તાના અસ્તિત્વ સામે જોખમ ઊભું થતું રહ્યું છે, ડાઈનાસોર સહિત અનેક પ્રજાતિઓ, 'મેમોથ' જેવાં મહાકાળ પ્રાણીઓ સમગ્રપણે નાશ પામ્યાં છે છતાં માનવજાત ટકી રહી છે. એ જુદી વાત છે કે પર્યાવરણને બેશુમાર નુકશાન કરીને માનવી અંતે તો પોતાના જ પગ પર કુહાડી મારતો રહે છે. કુદરત કયારેક 'સૌ સુનાર કી, એક લુહાર કી' એ ન્યાયે કોરોના - બ્રાન્ડ લપડાક લગાવી દે છે. ચેતી જવાની જરૂર છે, એટલું સમજીએ તોય ઘણું. કોરોનાએ આ ચેતવણી અમેરિકા અને યુરોપના કહેવાતા માથાભારે અને ખેરખાં લોકોને આપી દીધી છે. ભારતને સકંજામાં લે એ પહેલાં આપણે જાગી ગયા છીએ તે સારી નિશાની છે. ગુજરાતમાં સરકાર અને પ્રજાના સહિયારા પુરુષાર્થથી કોરોનાના પ્રવેશને ઘણી બ્રેક વાગી છે. જનતા કર્ફ્યૂની સાથે ચાર મહાનગરનોના લોકડાઉનથી આ મહામારી પર અંકુશ મેળવવામાં સફળતા રહેશે એ વિશે શંકાને સ્થાન નથી. બસ, દરેક નાગરિકે પોતાના આત્મસંયમની આ કસોટીની પળને પૂરી સજ્જતા સાથે માણી-પ્રમાણી બાળકો અને સિનિયરોની વિશેષ કાળજી લેવાની જરૂર છે.

રાજયમાં અત્યાધુનિક સાયબર ક્રાઈમ સેલ કાર્યરત કરાશે

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

સાયબર ક્રાઈમને અંકુશમાં લેવા માટે રાજયના મોટા શહેરોમાં સાયબર ક્રાઈમ સેલ કાર્યરત કરવામાં આવશે. રાજય કક્ષાએ રીજીયોનલ સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટરની પણ શરૂઆત કરવામાં આવશે.

ગુજરાત રાજયના ચાર મોટા શહેરોમાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, નવ રેન્જમાં સાયબર ક્રાઈમ સેલ કાર્યરત અત્યાર સુધીમાં ગુજરાત સરકારે નાગરિકોની સુરક્ષા અને સલામતી માટે શરૂ કરી દીધા છે. આગામી વર્ષમાં ગુજરાતના તમામ જીલ્લાઓમાં સાયબર પોલીસ સ્ટેશન ઉભા કરવાનું સરકારનું આયોજન છે.

રાજયમાં આંતરરાજય તથા આંતરરાષ્ટ્રીય ટોળી દ્વારા સાયબર ક્રાઈમ આચરવાના ઘણા બધા બનાવો બનતા રહે છે. ઓનલાઈન ફોડ, નાણા ઉપાડવાના બનાવો વધતા જાય છે જે નાથવા માટે ગુજરાત પોલીસને અત્યાધુનિક કરવું તથા ટેકનોલોજીથી સજ્જ કરવું આવશ્યક છે. ડિજીટલ ભારતના નિર્માણ માટે ડિજીટલ ગુજરાતે એક નક્કર કદમ ઉઠાવીને વિશ્વાસ અને સાયબર આશ્વસ્ત પ્રોજેકટ કાર્યન્વીત કરીને નાગરિકોને સાયબર સુરક્ષા પુરી પાડીને સમગ્ર દેશને નવો રાહ ગુજરાતે ચિંધ્યો છે. ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને ગુન્હાઓનું નિયંત્રણ કરવા માટે ગુજરાત પોલીસને વધુ મોર્ડન, અત્યાધુનિક ટેકનોલોજીથી સજ્જ ટેકનોસેવી બનાવવાનો ગુજરાત સરકારનો નિર્ણય છે. ઈ-ગુજકોપ પોકેટકોષ, ઈ-ગુજસી ટોક, સનીયર સીટીઝન ફાસ્ટ મોબાઈલ સેવા દ્વારા હાલમાં નાગરિકોની સુરક્ષા પુરી પાડવામાં ગુજરાત પોલીસને સજ્જ કરવામાં આવી છે.

ગુજરાત પોલીસની મુખ્ય કામગીરી ગુન્હાઓનું ડિટેકશન કરીને ગુન્હો બનતો અટકાવવાની છે. ગુજરાત પોલીસને સ્માર્ટ પોલીસનું સુત્ર આપ્યું છે.

આજના સમયમાં સાયબર ક્રિમીનલ દ્વારા સોશ્યલ મીડીયાનો ઉપયોગ કરીને જાતી, જ્ઞાતિ, ધર્મ અંગે લોકોમાં વૈમનશ્ય ફેલાવી દંગા ફસાદ કરાવવામાં આવે છે. આવા ઉસ્કેરણીજનક વિડીયો, લખાણો, પોસ્ટરો, સાયબર ક્રાઈમ દ્વારા હટાવવામાં આવશે તથા તેને આગળ ફેલાવનાર સામે કાયદાકિય પગલા ભરવામાં આવશે. સાયબર ક્રાઈમ એકટ મુજબ ગુન્હો બનાવી તેની સામે દંડનીય અને સજાકિય જોગવાઈ મુજબ કોર્ટમાં કેસો ચલાવવામાં આવશે.

અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરીને નાગરિકોને આવા ગુન્હાઓ સામે સમયસર રક્ષણ મળે તેવા શુભ આશ્યથી સાયબર આશ્વસ્ત પ્રોજેકટ અમલમાં મુકવામાં આવ્યો છે. સાયબર ક્રાઈમને સંપૂર્ણપણે નાથવા માટે તથા અન્ય ગુન્હેગારોનો ગુજરાતના નાગરિકોને છેતરવાનો ગુન્હાહિત ઈરાદો બર ના લાવે તે માટે ગુજરાત સરકાર દ્વારા સુરક્ષાલક્ષી નવીન પ્રોજેકટનું અમલીકરણ કરવામાં આવેલ છે. ગુન્હો બન્યા બાદ કે ફરીયાદ મળ્યા બાદ નહિ પરંતુ પ્રોએકટીવા પોલીસીંગના સાયબર આશ્વસ્ત પ્રોજેકટના કુલ ૫ યુનિટને લાભ ગુજરાતને આપવામાં આવશે.

ઈન્ટરનેટના માધ્યમથી કે ફેક મેસેજના માધ્યમથી સામાન્ય પ્રજાને ભોળવીને તેની મહેનતની કમાણી લુંટી જનાર તત્વો સામે પગલા ભરવા સાયબર સેલ ૨૪ કલાક તત્પર રહેશે અને સોશ્યલ મીડીયા પર બાજ નજર રહેશે. મહિલાઓના એકાઉન્ટ ફેક કરી બીભત્સ ફોટા અપલોડ કરવા, બ્લેક મેઈલીંગ કરી નાણા પડાવવા, માંગતા તત્વો સામે કડકાઈથી કાર્યવાહી કરવામાં આવશે. હેકર્સ ઉપર વોચ રાખી એકાઉન્ટ હેક કરી નાણા પડાવતી નાઈઝરીયન ગેંગને સાયબર ક્રાઈમે પકડી સજા અપાવી છે. સરકારે આ માટે થ્રેડ એનાલીસીસ યુનિટ, નેશનલ સાયબર ક્રાઈમ રીપોર્ટીંગ પોર્ટલ, પ્લેટ જોઈન્ટ સાયબર ક્રાઈમ ઈન્વેન્સ્ટીગેશન ટીમ, સાયબર ક્રાઈમ ફોરેન્સીક લેબોરેટરી, ઈકોસીસ્ટમ સાયબર ક્રાઈમ ટ્રેનીંગ સેન્ટર, સાયબર ઈકોસીસ્ટમ મેનેજમેન્ટ યુનિટ રીસર્ચ એન્ડ ઈનોવેશન સેન્ટર જેવી સુવિધાઓ સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટરમાં આપવામાં આવશે જેનાથી ગુન્હાઓ અટકશે તથા ગુન્હા બનતા રોકવામાં આવશે. આ માટે ૧૨૩૬ સ્થળોએ ૬૦૪૩ જેટલા કેમેરા લગાવી તેના ઉપર મોનીટરીંગ કરવામાં આવે છે. જે લગત પ્રથમ ૪૧ શહેરોની પસંદગી કરવામાં આવી છે તથા સ્માર્ટ સીટી પ્રોજેકટ હેઠળ પણ આ યોજના આવરી લેવામાં આવી છે. ૩૪ જીલ્લાઓના મુખ્ય મથકો ખાતે વીડિયો વોલ, વર્ક સ્ટેશન સાથેના કન્ટ્રોલ રૂમ સહિતની સુવિધાવાળા નેત્રમ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરની રચના કરવામાં આવી છે. પોલીસ ખાતાના તમામ ૭૧૪ પોલીસ સ્ટેશને ૧૦૬૮૬ કોમ્પ્યુટર ૭૧૨૦ પ્રીન્ટર અને ૧૪૬૫ સ્કેનરથી આ માટે સજ્જ કરાયા છે. જીસ્વાન પ્રોજેકટ અંતર્ગત પોલીસ ખાતાની કચેરીઓ ૧૫૭૩ થી વધારે સ્થળોએ ૯૦ હજાર રતા વધારે પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ દ્વારા ઈ ગુજકોપ એપ્લીકેશનનો ઉપયોગ કરાવી ક્રાઈમને અંકુશમાં લેવાનો ગુજરાત સરકારનો પ્રયાસ છે.

સમય મળ્યો છે તેમાં કંઈક શીખી શકાય કે શીખવી શકાય

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

પૃથ્વી ખેડી નવ ખંડની રે,
ખેડ્યાં સાગરનાં નીર;
ખેડ્યા કંઈ આભદ્યુમટો : હવે
ખેડે કાળને નરવીર.

- ન્હાનાલાલ કવિ

આજના આ તનાવભર્યા સમયમાં 'કોરોના'ના ડરથી જયારે આખુંયે વિશ્વ હચમચી ગયું છે. ત્યારે આટલી બધી ભયજનક પરિસ્થિતિમાં આખું વિશ્વ એક જ દિશામાં વિચારી રહ્યું છે એ બાબત નોંધનીય છે! હવે આવનારા સમયમાં આપણે વધુ આવલંબી બનવું પડશે અને પહેલાની જેમ નાની-મોટી બાબતો માટે કોઈના પર આધાર રાખવો હવે આપણને નહિ પરવડે માટે આવો એ માટે સજ્જ બનીએ ! તમારી જાતને આ પ્રશ્ન પૂછો અને એનું મહત્ત્વ સમજો. તમારા સંતાનને - તમને - પરિવારના તમામ સભ્યોને અત્યારે આજે સમય મળ્યો છે તેમાં આમાંનું કંઈક શીખી શકાય કે શીખવી શકાય તો તે ઘણું ઉપયોગી બની શકે.

તમારા સંતાનોને -

૧. કચરો વાળતાં આવડે છે? કંઈ જગ્યાએ કયા પ્રકારની સાવરણીનો ઉપયોગ થાય એની ખબર છે? ક્યારે ઊભા રહીને અને ક્યારે બેસીને વળાય એની ખબર છે ?.

૨. પોતું કરતાં આવડે છે ? પોતું કરવા માટે વપરાતું કપડું કેવું હોવું જોઈએ એની ખબર છે ?

૩. બાથરુમ, સંડાસ, ગટર સાફ કરતાં આવડે છે ? એસિડ, ફિનાઈલ, સાબુ, ડિટર્જન્ટ વગેરેનો ઉપયોગ ક્યારે થાય તેની ખબર છે?

૪. કપડાં ધોતા, સૂકવતાં અને ગડી કરતાં આવડે છે ? સુતરાઉ રેશમી, નાયલોન, ગરમ, ખરબચડાં, નાના, મોટાં, કીમતી, બચ્છટ, સફેદ, રંગીન વગેરે વિવિધ પ્રકારના કપડાં ધોવામાં શું ફેર છે તેની ખબર છે ?

૫. વાસણ સાફ કરતાં આવડે છે ? એલ્યુમિનિયમ, સ્ટીલ, લોખંડ, પિત્તળ, તાંબુ, પ્લાસ્ટિક,ચાંદી વગેરેનાં વાણસો સાફ કરવાનું શું તફાવત છે તેની ખબર છે ? કાટવાળાં, ચોંટેલાં, બળેલાં, સુકાયેલાં, ચીકણાં, વાસણો સાફ કરવામાં શું ધ્યાન રાખવું પડે તેની ખબર છે ?

૬. ઈસ્ત્રી, કૂકર, મિક્ષર, ગીઝર વગેરેનો ઉપયોગ કરતાં આવડે છે ?

૭. રોજિંદી રસોઈ બનાવતાં આવડે છે ?

૮. શાકભાજી, અનાજ, કરિયાણું ખરીદતાં આવડે છે ? તેમની કિંમત ગણતાં આવડે છે ?

૯. વીજળીનો ફ્યુઝ ઊડી ગયો હોય તો નવો બાંધતા આવડે છે ?

૧૦. કપડું સાંધતાં, ભરત ભરતાં આવડે છે ?

૧૧. દીવાલમાં કે ચંપલમાં ફર્નિચરમાં ખીલી ઠોકતાં કે સ્ક્રૂ બેસાડતાં આવડે છે ખરું ?

૧૨. ચોપડી ઉપર પૂઠું ચડાવતાં આવડે છે?

૧૩. દીવાલે રંગ કરતાં આવડે છે?

૧૪. પડીકું વાળતાં આવડે છે ?

૧૫. ફૂલોની માળા ગૂંથતાં આવડે છે ? આસોપાલવનાં તોરણ બનાવતાં આવડે છે?

૧૬. ચેક લખતાં, બેંકમાં ડ્રાફટ કઢાવતાં, પોસ્ટ ઓફિસે રજિસ્ટર કરતાં, તાર મોકલતાં, પાર્સલ કરતાં, યોગ્ય રીતે સરનામું કરતાં આવડે છે?

૧૭. રેલવેનું સમયપત્રક જોતાં, રીઝર્વેશન કરાવતાં આવડે છે?

૧૮. નકશો જોઈને કોઈ સ્થળ શોધી કાઢતાં આવડે છે ?

૧૯. શેરડીનો સાંઠો છોલતાં, સોપારી કાતરતાં, સૂડાથી કેરી કાપતાં, બનાવતાં આવડે છે ?

૨૦. હિસાબ લખતાં આવડે છે?

૨૧. છૂટા કાગળમાં નોટ બાંધતાં આવડે છે?

૨૨. કઈ ઋતુમાં કયાં શાકભાજી મળતાં હોય તેની ખબર છે?

૨૩. સત્તાવાળાઓને અરજી કરતાં આવડે છે?

૨૪. સુઘડ રીતે શેતરંજી પાથરતાં, પથારીઓ કરતાં આવડે છે?

૨૫. બૂટ પૉલિશ કરતાં આવડે છે ?

૨૬. યોગ્ય રીતે પોતાનો પરિચય આપતાં આવડે છે ?

૨૭. ફૂંડામાં કે જમીનમાં છોડ રોપીને ઉછેરતાં આવડે છે?

૨૮. કયાં કપડાને માટે કેટલું કાપડ જોઈશે તેની ગણતરી કરતાં આવડે છે?

૨૯. કોઈ પણ વસ્તુનું જોખીને વજન કરતાં આવડે છે ? કાપડ અથવા જમીન માપતાં આવડે છે ?

૩૦. ગાતાં, દોડતાં, ચિત્રકામ કરતાં, રંગોળી પૂરતાં, સુંદર અક્ષરે લખતાં આવડે છે ?

૩૧. નળનાં આંટા ખવાઈને ઢીલા થયા હોય અને પાણી ટપકતું હોય, તો તે બંધ કરતાં આવડે છે?

૩૨. પાનું, પક્કડ, હથોડી, સ્ક્રૂ ડ્રાઈવર, જૅક, કોશ, કોદાળી, પાવડો, કાતર, કુહાડી, ખૂરપી વગેરે વાપરતાં આવડે છે ?

૩૩. લાઠી, ગલોલ, તીરકામઠું વગેરેનો ઉપયોગ કરતાં આવડે છે?

૩૪. તરવું, દોરડાંની મદદથી ચઢવું, ઝાડ ઉપર ચઢવું, દોરડાં કૂદવાં વગેરે પૈકી કશું આવડે છે ?

આ બધાં જ રોજેરોજના જીવનમાં ઉપયોગી એવાં કૌશલ્યો છે. આ અને આવાં અનેક કૌશલ્યોને પરિણામે જીવન સરળ બને છે, સફળ બને છે.

Last Seen :

આપણને જે નથી જાણતાં, તે આપણે નથી જાણતાં
- એટલું કબૂલ કરીએ, એનું નામ જ્ઞાન.

- nehalgadhavi101@gmail.com

વિવાદસર્જક સાંસદ રંજન ગોગોઈ

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કેન્દ્ર સરકારની ભલામણથી રાજ્યસભાના ૧૨ નામનિયુક્ત (નોમિનેટેડ) સભ્યોમાંથી કાયદાવિદ કે.ટી.એસ.તુલસીની મુદત પૂરી થતાં એ બેઠક પર હજુ નવેમ્બર ૨૦૧૯ સુધી દેશના મુખ્ય ન્યાયાધીશ રહેલા રંજન ગોગોઈની નિમણૂક કરી અને ભારે રાજકીય ઉહાપોહ મચ્યો.તુલસી તો ફરીને છત્તીસગઢ ધારાસભામાંથી કૉંગ્રેસના ઉમેદવાર તરીકે બિનહરીફ તરીકે ૧૮ માર્ચ ૨૦૨૦ના રોજ રાજ્યસભામાં વધુ છ વર્ષ માટે ચૂંટાયેલા જાહેર થયા છે. ૧૯ માર્ચે જસ્ટિસ (નિવૃત્ત) ગોગોઈ રાજ્યસભામાં સભ્ય તરીકે શપથ લઈ રહ્યા હતા ત્યારે સમાજવાદી પક્ષના અપવાદ સિવાય કૉંગ્રેસ, સીપીઆઈ, ડીએમકે અને એમડીએમકે સહિતના વિપક્ષોએ એમની વિરુદ્ધમાં ''શેમ શેમ'' જેવા સૂત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવ્યો. ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના સભાપતિ વેંકૈયા નાયડુએ વિપક્ષના સભ્યોને વારંવાર વારવાની કોશિશ કરી,પણ એ એકના બે ના થયા. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ રહી ચૂકેલા મદન લોકુર, એ.કે. પટનાયક અને કુરિયન જોસેફ તો ગોગોઈની રાજ્યસભામાં નિયુક્તિને ન્યાયતંત્રમાં દખલ સમાન અને ન્યાયતંત્રના સ્વાતંત્ર્યને માથે જોખમ ગણાવવા સુધી ગયા. સંયોગ તો એવો હતો કે ક્યારેક આ જ ન્યાયાધીશ રંજન ગોગોઈ સુપ્રીમ કોર્ટના એ વેળાના મુખ્ય ન્યાયાધીશ દીપક મિશ્રા સામે પત્રકાર પરિષદ ભરીને ખુલ્લેઆમ ન્યાયતંત્રની સ્વતંત્રતા માટે અવાજ ઉઠાવનાર ન્યાયાધીશ ત્રિપુટીમાં સામેલ હતા એટલું જ નહીં, ન્યાયતંત્રમાં સરકારી દખલના એ વિરોધી રહ્યા છે. એવું નથી કે દેશના મુખ્ય ન્યાયાધીશો નિવૃત્તિ પછી રાજ્યસભામાં સભ્યપદે આવ્યા નથી, પરંતુ પોતાની મહિલા કર્મચારીની જાતીય સતામણીના ખટલામાં વિવાદમાં આવેલા જસ્ટિસ ગોગોઈ વિવાદાસ્પદ રામજન્મભૂમિ ખટલા સહિતના કેટલાક ચુકાદાઓ આપવામાં સરકારને અનુકૂળ રહ્યાનો આક્ષેપ પણ તેમના પર થતો રહ્યો છે. અગાઉ વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીના શાસનકાળ દરમિયાન કહ્યાગરી નોકરશાહી અને કહ્યાગરા ન્યાયતંત્રની ટીકાઓ થતી હતી, એવું જ કંઈક આજે પણ પ્રગટપણે અને ખાનગી ખૂણે દેશવાસીઓની આસ્થાના પ્રતીકસમા ન્યાયતંત્ર અને નોકરશાહી વિશે કહેવાવું શરૂ થયું છે.

રાજ્યસભામાં મુખ્ય ન્યાયાધીશો

દેશના મુખ્ય ન્યાયાધીશો નિવૃત્તિ પછી સામાન્ય રીતે આંતરરાષ્ટ્રીય અદાલતમાં નિમણૂક પામે છે અથવા ભારતમાં બંધારણીય હોદ્દાઓ પર અધ્યક્ષ તરીકે નિયુક્ત થાય પછી સમયાંતરે રાજ્યસભામાં આવતા હોય એવી પરંપરા છે. જોકે આદર્શ પરિસ્થિતિ તો એ લેખી શકાય કે નિવૃત્તિ પછી આવાં પદ પર કોઈની નિયુક્તિ ના જ થાય. આવા કોઈ હોદ્દા પર નિયુક્તિ પામીને ગાડી-બંગલા, નોકરચાકર કે અન્ય સાહ્યબીની અપેક્ષા કરનારા ન્યાયાધીશો સરકારને અનુકૂળ ચુકાદા આપવા પ્રેરાતા હોવાનું ભાજપના નેતા અને ભાજપના વડપણવાળી એનડીએ સરકારમાં હજુ

- **દેશના મુખ્ય ન્યાયાધીશોમાં નોખાપણું**
- **'કૂલિંગ પીરિયડ' પૂર્વે નિયુક્તિનો પ્રશ્ન**
- **કૉંગ્રેસી મુખ્યમંત્રીના બંને પુત્રોની વરણી**

થોડા વખત પહેલાં દિવંગત થયેલા મંત્રી અરુણ જેટલી જાહેરમાં કહેતા રહ્યા છે. રાજ્યસભામાં વિપક્ષના નેતા તરીકે જાણીતા ધારાશાસ્ત્રી જેટલીએ ૨૦૧૨માંકહ્યું હતું : ''જજોને સેવાનિવૃત્તિ પહેલાંના ચુકાદાઓ સેવાનિવૃત્તિ પછીની નોકરીની લાલચથી પ્રભાવિત રહે છે...મારી ભલામણ છે કે જજોની સેવાનિવૃત્તિ પછી નવી નિયુક્તિ વચ્ચે બે વર્ષનો સમયગાળો (કૂલિંગ પીરિયડ) રાખવામાં આવે, અન્યથા સરકાર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ન્યાયતંત્રને પ્રભાવિત કરી શકે છે.દેશમાં સ્વતંત્ર, નિષ્પક્ષ અને સ્વચ્છ ન્યાયતંત્રનું સ્વપ્ન ક્યારે પણ વાસ્તવિકતા બની નહીં શકે.''

દેશના મુખ્ય ન્યાયાધીશ રહેલા રંગનાથ મિશ્રા એટલે કે જસ્ટિસ દીપક મિશ્રાના સગા કાકા મુખ્ય ન્યાયાધીશ તરીકે નિવૃત્ત થયા એનાં સાત વર્ષ પછી ૧૯૮૮માં કૉંગ્રેસના સભ્ય તરીકે રાજ્યસભામાં ચૂંટાયા હતા.સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે રાજીનામું આપીને જસ્ટિસ બહારુલ ઈસ્લામ ૧૯૮૩માં કૉંગ્રેસની ટિકિટ પર રાજ્યસભાની ચૂંટણી લડીને સાંસદ બન્યા હતા. દેશના મુખ્ય ન્યાયાધીશ રહેલા જસ્ટિસ એમ.હિદાયતુલ્લા અને જસ્ટિસ આર.એસ. પાઠક ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી લડીને વિજયી થતાં હોદ્દાની રૂએ રાજ્યસભાના સભાપતિ તરીકે સેવા આપી ચૂક્યા છે. જોકે જસ્ટિસ આર.એમ.લોઢા, જસ્ટિસ ટી.એસ.ઠાકુર, જસ્ટિસ એચ.એસ.કાપડિયા જેવા દેશના ઘણા મુખ્ય ન્યાયાધીશોએ સેવાનિવૃત્તિ પછી સરકારી હોદ્દે નિમણૂક અંગે સરકારો અને ન્યાયાધીશોને ચેતવ્યા હોવા છતાં એમની વાત બહેરાકાને અથડાઈ છે.વાજપેયી યુગમાં સર્વપક્ષી નેતાઓની સાથે જ ભાજપના નેતા લાલકૃષ્ણ આડવાણીને હવાલા કૌભાંડમાં નિર્દોષ છોડનાર મુખ્ય ન્યાયાધીશ જે.એસ.વર્માને રાષ્ટ્રીય માનવાધિકાર આયોગના અધ્યક્ષપદે નિયુક્ત કરાયા હતા.સુપ્રીમ કોર્ટના જસ્ટિસ આર.કે.અગ્રવાલ ૪ મે ૨૦૧૮ના રોજ નિવૃત્ત થયા અને ૧ જુલાઈ ૨૦૧૮ના રોજ તેમને નેશનલ કન્ઝ્યુમર ડિસ્પ્યુટ્સ રિડ્રેસલ કમિશનના અધ્યક્ષપદે નિયુક્ત કરાયા. આવું જ કંઈક નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલના અધ્યક્ષપદે નિયુક્ત કરાયેલા જસ્ટિસ એ.કે.ગોયલનું છે. વર્ષ ૨૦૧૮માં જ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ પર અત્યાચાર અંગેના કાયદાને હળવો કરતો ચૂકાદો આપીને રાષ્ટ્રીય વિવાદવંટોળ જગાવનાર જસ્ટિસ ગોયલને થોડાજ વખતમાં પાંચ વર્ષ માટે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલના અધ્યક્ષપદે નિયુક્ત કરાયા એટલું જ નહીં એમની નિમણૂકના થોડાજ કલાકોમાં એમના પુત્ર નીખીલ ગોયલને હરિયાણામાં એડિશનલ એડવોકેટ જનરલ નિયુક્ત કરાયા એને સંયોગ જ માનવો પડે. એપ્રિલ ૨૦૧૪માં નિવૃ